–:: **ઓનરશીપ બેઈઝથી વેંચાણ દસ્તાવેજ** ::–

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના **રૈયા** ગામના **રેવેન્યુ સર્વે નં. ૯૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૦૧, ઓ.પી.નં. ૩૭ પૈકી, એફ.પી. નં. ૭૪૮ પૈકી**ની સોમનાથ સોસાયટી વિભાગ – ૨ તરીકે ઓળખાતા વિસ્તારમાં શેરી નં. ૬ માંહે, રહેણાંક હેતુ માટેની બિનખેડવાણ જમીનના પ્લોટ નં. ૮ પૈકી પ્લોટ નં. ૮–બી ની જમીન **ચો.વાર ૨૯૭–૫–૦**, **ચો.મી.આ. ૨૪૮–૦૫** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતની ઈમારત કે જે **"નિર્મલ એપાર્ટમેન્ટ"** તરીકે ઓળખાય છે તે ઈમારતના **...... ફલોર** ઉપર આવેલ **ફલેટ નં......** જેનો રેરા કાયદા મુજબનો કાર્પેટ એરીયા **ચો.મી.આ. ....–....** તથા તેને સંલગ્ન વોશ – ૧ જેનો કાર્પેટ એરીયા **ચો.મી.આ. ....–.....** છે તથા સંલગ્ન ટેરેસ જેનો કાર્પેટ એરીયા ચો.ફુ.આ. .... છે (જે લાગુ પડતુ હોય તે) તે મળી **યુનિટ**નો કુલ કાર્પેટ એરીયા **ચો.મી.આ. .....–.......** તથા બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ. .....–.......** છે તેનો ઓનરશીપ બેઈઝથી વેંચાણ દસ્તાવેજ.

ટી.પી. સ્કીમ નં. ૦૧, એફ.પી. નં. ૭૪૮ પૈકી

વેંચાણ કિંમત રૂા..................–૦૦ અંકે રૂપિયા .... પુરા.

બાંધકામ પરવાનગી નં. ૫૧૦, તા.૨૯/૧૦/૨૦૧૮
મકાન વપરાશનો દાખલો નં. ...., તા...../.../૨૦.......

શ્રી ....,
ધર્મે : હિન્દુ, ઉ.વ.આ. પુખ્ત, ધંધો : વેપાર,
ઠે. ....

PAN - ______________

:: મિલ્કત ખરીદનાર
:: લખાવી લેનાર

<u>જોગ લખી આપનાર</u> ::–
મે. વિશાલ સ્થાપત્યના નામથી નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદારો
(૧) શ્રી પ્રમેય વેણીદાસ સોનેચા,
(૨) શ્રી સોહન ગોવિંદભાઈ મોરઝરીયા,
(૩) શ્રી સાવન કિશોરભાઈ કાનાણી,
સર્વે ધર્મે : હિન્દુ, ઉ.વ.આ.૩૯/૪૦/૩૭,
ધંધો : વેપાર/વેપાર/વેપાર
સર્વે ઠે. "આર્થિક ભવન", ૪થો માળ,
ગોંડલ રોડ, રાજકોટ.

PAN - AAPFV 5712 R

નં. ૦૧ જાતે તથા પેઢીના વહીવટકર્તા દરજજે

:: મિલ્કત વેંચનારાઓ
:: લખી આપનારાઓ

જત આ વેંચાણ દસ્તાવેજથી અમો લખી આપનાર લખી આપી બંધાઈએ છીએ કે ::–

(૧) ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના **રૈયા** ગામના **રેવેન્યુ સર્વે નં. ૯૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૦૧, ઓ.પી.નં. ૩૭ પૈકી, એફ.પી. નં. ૭૪૮ પૈકી**ની સોમનાથ સોસાયટી વિભાગ – ૨ તરીકે ઓળખાતા વિસ્તારમાં શેરી નં. ૬ માંહે, રહેણાંક હેતુ માટેની બિનખેડવાણ જમીનના પ્લોટ નં. ૮ પૈકી પ્લોટ નં. ૮–બી ની જમીન **ચો.વાર ૨૯૭–૫–૦, ચો.મી.આ. ૨૪૮–૦૫** વાળી જમીન તથા તેના ઉપર આવેલ ઉભા ઈમલા સહીતની ઈમારત અમો લખી આપનાર ભાગીદારી પેઢીએ અમારા જોગના રજી. વે.દ.અનું. નં. ૬૧૦૫, તા. ૨૨/૦૯/૨૦૧૭ થી ખરીદ કરેલ છે. આમ, ત્યારથી સદરહું જમીન અમો લખી આપનાર ભાગીદારી પેઢીની સંયુકત માલિકી હકક, તથા કબ્જા ભોગવટાની આવેલ છે.

ત્યારબાદ પેઢીના બંધારણમાં ફેરફારો થતા હાલ પેઢીમાં આગળ લખ્યા મુજબના ભાગીદારો.....

(૨) ત્યારબાદ સદરહું જમીન ઉપર રહેણાંક ઈમારતનું બાંધકામ કરવા હેતુ રાજકોટ મહાનગર પાલીકાએ આપેલ **બાંધકામ પરવાનગી નં. ૫૧૦, તા. ૨૯/૧૦/૨૦૧૮** થી બાંધકામના મંજુર થયેલ પ્લાન મુજબ અમો લખી આપનારે ઈમારતનું બાંધકામ કરેલ છે. અને સદરહું ઈમારતને **"નિર્મલ એપાર્ટમેન્ટ"** નામ આપવામાં આવેલ છે. આમ સદરહું **"નિર્મલ એપાર્ટમેન્ટ"** ઈમારતનું વેંચાણ, વહિવટ અને વ્યવહાર કરવાનો અમો લખી આપનારને સંપૂર્ણ હકક અને અધિકાર છે. સદરહું મિલ્કતમાં અમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી.

(૩) સદરહું **"નિર્મલ એપાર્ટમેન્ટ"** ઈમારતમાં **....... ફલોર** ઉપર આવેલ **ફલેટ નં......** જેનો રેરા કાયદા મુજબનો કાર્પેટ એરીયા **ચો.મી.આ. ....–....** તથા તેને સંલગ્ન વોશ – ૧ જેનો કાર્પેટ એરીયા **ચો.મી.આ. ....–.....** છે તથા સંલગ્ન ટેરેસ જેનો કાર્પેટ એરીયા ચો.ફુ.આ. .... છે (જે લાગુ પડતુ હોય તે) તે અમોએ તેની વેંચાણ કિંમત **રૂા...................–૦૦ અંકે રૂપિયા............પુરા**માં તેના અવેજની રકમ આગળ ઉપર જણાવેલ વિગતે તમારી પાસેથી સ્વીકારીને તમોને વેંચાણ આપેલ છે. સદરહું **યુનિટ**નું વર્ણન અને સ્વતંત્ર રીતે ભોગવવાના ભાગનું વર્ણન આ દસ્તાવેજમાં ***શેડયુલ–બી*** માં આપેલ છે. (તમોને વેંચાણ આપેલ **ફલેટ નં.......** તથા તેને સંલગ્ન વોશ જેને આ દસ્તાવેજમાં સંયુકત રીતે સદરહું **યુનિટ** તરીકે ઓળખવામાં આવેલ છે.)

(૪) સદરહું **યુનિટ** વાળા પ્રોજેકટ **"નિર્મલ એપાર્ટમેન્ટ"** ની ઈમારતના બાંધકામના ડીટેઈલ્સ

સ્પેશીફીકેશન વાળા બાંધકામ પ્લાન, પરવાનગી આરંભ પ્રમાણપત્ર વિગેરે અસલ કાગળોનું તમોને ઈન્સ્પેકશન કરેલ છે અને જોયા છે. તેમજ તે મુજબની **યુનિટ**ની સીચ્યુએશન લંબાઈ, પહોળાઈ, માપ સાઈઝ, દિશા, બાંધકામમાં વાપરવામાં આવેલ મટીરીયલ્સ, ફીકસ્ચર વિગેરેનું તમો વેંચાણ રાખનારે જાતે પ્રત્યક્ષ ઈન્સ્પેકશન કરી જોઈ તપાસી ચોકસાઈ કરીને તેનો કબ્જો ભોગવટો **આજરોજ** સંભાળેલ છે. તેથી **ફલેટ**ની માપ સાઈઝ ડીઝાઈન હદહદુદ એરીયા તથા બાંધકામ અંગે તમારે કશો વાંધો તકરાર રહેતો નથી.

(૫) સદરહું **યુનિટ**ના અંદરના ભાગ પુરતો અબાધિત કબ્જો તમારો રહેશે અને તેમાં તમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી. સદરહું **ફલેટ**નો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો તમો બીજાના કોઈની પણ દખલ વગર સ્વતંત્ર રીતે કરવા હકકદાર છો.

(૬) સદરહું **યુનિટ**ના બિલ્ટઅપ એરીયા સિવાય તમો સમગ્ર બિલ્ડીગના અન્ય ભાગો જેવા કે કોમન પેસેજ, દાદરો (સ્ટેરકેશ), કોમન પાર્કિંગ પ્લેસ, કોમન વોટર ટેન્ક તથા લીફટ વિગેરે આવેલ છે તેનો ઉપયોગ તમો બિલ્ડીગના અન્ય **યુનિટ** ઓનર્સ / કબ્જેદાર હીસ્સેદાર સાથે મળી અન્ય **યુનિટ** ઓનર્સ / કબ્જેદારને અટકાયત કે અવરોધ થાય તે રીતે કરવાનો નથી. સહીયારી સગવડો કે કોમન એમીનીટીઝનો ભાગ પાડી શકાશે નહી કે તે ઉપર તમારો સ્વતંત્ર માલીકી હકક રહેશે નહીં. સહીયારી સુવિધાઓનું વર્ણન આ દસ્તાવેજમાં ***શેડયુલ–સી*** માં કરવામાં આવેલ છે.

(૭) સદરહું **યુનિટ**ના અંદરના ભાગમાં તમો તમારી ઈચ્છા મુજબ રંગરોગાન વ્હાઈટ વોશ તમારા ખર્ચે કરાવી શકશો. તેમજ તમારા કારપેટ એરીયાવાળા ભાગમાં તમારી ઈચ્છા મુજબ ફર્નીચર કે ફીટીગ કરી શકશો. પરંતુ તમારી **યુનિટ**ની અંદરની દિવાલ તેમજ સમગ્ર બિલ્ડીગને અસર કે નુકશાન થાય તેવો કોઈ ફેરફાર સદરહું બિલ્ડીગના એલીવેશન, સ્ટ્રકચર તથા ડીઝાઈનની વિરૂધ્ધ કે મંજુર કરેલ પ્લાનથી અને બાંધકામની મંજુરીથી વિરૂધ્ધ કોઈ પણ ફેરફાર કરી શકશો નહીં. તેવી સ્પષ્ટ સમજણ તમોને કરેલ છે. અને તમોને તેવી સ્પષ્ટ સમજણ સાથે આ **યુનિટ** વેંચાણ આપેલ છે.

(૮) સદરહું **યુનિટ** તમોને માલીકી ધોરણે *(ઓનરશીપ બેઈઝ)* થી વેંચાણ આપેલ છે અને વેંચાણ કિંમતનો ચુકતે અવેજની નીચેની વિગતે સંભાળી લઈ તેનો શાંત, ખાલી, નિર્ભય, નિર્મળ અને પ્રત્યક્ષ કબ્જો **આજરોજ** સોંપી આપેલ છે અને તમોએ સંભાળી લીધેલ છે. જે હકિકતે તમો સદરહું **યુનિટ**ના સુંવાગ અને સ્વતંત્ર માલીક બનો છો અને તે તમો પુત્ર પૌત્રાદિક લીલાવંશ વારસો પરંપરા યાવતચંદ્ર દિવાકરો સુખેથી ભોગવજો વસજો વસાવજો અને તમારૂ દિલ ચાહે તે રીતે તેનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરજો. સદરહું **યુનિટ** અન્યને વેંચાણ ગીરો ટ્રાન્સફર કે એસાઈન કે અન્ય રીતે તમોને યોગ્ય લાગે તે રીતે *ધી ગુજરાત ઓનરશીપ ફલેટ*

એક્ટ–૧૯૭૩ ની જોગવાઈ મુજબ પ્રવર્તમાન સોસાયટી કે એસોશીએશનના બાયલોઝને આધિન રહીને વ્યવસ્થા કરવા હકકદાર છો.

(૯) સદરહું પ્રોજેકટ **"નિર્મલ એપાર્ટમેન્ટ"** કુલ જમીન **ચો.મી.આ. ૨૪૮–૦૫** ઉપર આવેલ છે. પરંતુ તમોને, જે ફલોર ઉપર અને જે જગ્યાએ જેટલા બિલ્ટઅપ એરીયાનું **યુનિટ** વેંચાણ કરવામાં આવેલ છે. તે ફલોર અને તે જગ્યાએ તેટલા એરીયા પુરતુ તમારૂ લીયન છે. જે હકિકતે તમોને વેંચાણ આપેલ બિલ્ટઅપ એરીયા સિવાયની સહીયારી જગ્યા તથા સહીયારી સુવિધાઓ અન્ય સહ હિસ્સેદારો કબજેદારો સાથે સહ માલીકીની છે જે હકિકતે ભવિષ્યમાં કોઈપણ સંજોગોમાં સદરહું ઈમારત પડી જાય તો અન્ય **યુનિટ** ઓનર્સ સાથે મળી પ્રવર્તમાન કાયદાની જોગવાઈ મુજબ સ્થાનિક સત્તાવાળાઓની પૂર્વ મંજુરીને આધિન રહીને નવું બિલ્ડીગ તમો વરાડે પડતા ખર્ચ બાંધી શકશો તેમાં અમારે કોઈ પણ પ્રકારનું ખર્ચ આપવાનું નથી અને આ દસ્તાવેજ અન્વયે તમોને હાલ જે ફલોર ઉપર જે જગ્યાએ જેટલા બિલ્ટઅપ એરીયાના **યુનિટ**ની માલીકી હકક મળેલ છે તેજ ફલોર ઉપર તેજ જગ્યા એ તેટલા જ બિલ્ટઅપ એરીયાની જગ્યા કલેઈમ કરી શકશો અને જેટલા સુખાધિકારના હકકો અને અધિકારો પ્રાપ્ત થયા છે તેવા જ અને તેટલા જ અધિકારો મેળવવા તમો હકકદાર છો.

(૧૦) સદરહું તમોને વેંચાણ આપેલ **યુનિટ** ઉપર નામદાર સરકારશ્રીનું કે સરકારી કે અર્ધસરકારી કે સહકારી કે શરાફી સંસ્થાનું કે અન્ય વ્યકિતનું કે પેઢી કે કોઈનું કોઈપણ પ્રકારનું લેણું કે ગીરોની રૂએ કે અન્ય રીતે કરજ કે બોજો નથી કે કોઈની જામીનગીરી સ્વીકારેલ નથી અને તમોને વેંચાણ આપેલ **યુનિટ** અમારો સંપુર્ણ માલીકી હકકનો છે. તેમાં અમારા સિવાય બીજા કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ નથી અને અમોને વેંચાણ કરવાનો સંપૂર્ણ હકક અને અધિકાર છે. તેવું તમોને સંપૂર્ણ વચન, વિશ્વાસ અને ખાત્રી આપીને જ વેંચાણ કિંમતનો પુરેપુરો અવેજ નીચેની વિગતે સંભાળી લઈ સર્વે પ્રકારના બોજા રહીત તમોને સદરહું **યુનિટ** વેંચાણ આપેલ છે.

રૂપિયા–પૈસા	**વિગત**

કુલ રૂા.............–૦૦ અંકે રૂપિયા .... પુરા

(૧૧) સદરહું **યુનિટ**નો શાંત, ખાલી, નિર્ભય, નિર્મળ અને પ્રત્યક્ષ કબ્જો તમોને આજરોજ સોંપી આપેલ છે. જે હકિકતે સદરહું **યુનિટ** કે સરકારી કચેરીમાં કે મ્યુ. કોર્પોરેશનમાં કે રેવન્યુ દફતરમાં તમો તમારા નામે તમારા ખર્ચે ટ્રાન્સફર કરાવી લેશો તેમાં અમારે અમારી સહીઓ કરી આપવાની છે.

(૧૨) તમોને વેંચાણ આપેલ **યુનિટ** સબંધમાં નીચેની ફરજોનું અને બાબતોનું તમારે પાલન કરવાનું રહેશે.

(એ) **"નિર્મલ એપાર્ટમેન્ટ"**માં તમોને વેંચાણ આપેલ **યુનિટ** ઉપરાંત બાકીના **યુનિટ**નું માલીકીના ધોરણે વેંચાણ કરવામાં આવે છે અથવા તો વેંચાણ કરવામાં આવનાર છે એટલે તમો બિલ્ડીગ કે તેના કોઈપણ ભાગને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરી શકશો નહી. કે તમારી આજુબાજુમાં કે ઉપર નીચે વાળાના શાંત, કબ્જા ભોગવટાને નુકશાન પહોંચે તેવુ કોઈ કૃત્ય કરી શકશો નહી. કે સામાન્ય સુખાધિકાર કે આરોગ્યને નુકશાન પહોંચે તેવું કોઈ પણ કૃત્ય કે અન્યને ન્યુસન્સ થાય તેવુ કૃત્ય કરી શકશો નહી.

(બી) આ વેંચાણ દસ્તાવેજના ***પેરેગ્રાફ–૩*** માં તમારી માલીકીની જગ્યાના બિલ્ટઅપ એરીયાનું માપ દર્શાવેલ છે. તેમજ મંજુર કરેલા પ્લાનમાં માપ સાઈઝ *(ડાઈમેનસન્સ)* એટલે કે લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ દર્શાવેલ છે તેમાં કોઈપણ રીતે કોઈપણ પ્રકારનો વધારો કે ઘટાડો કરી શકશો નહી.

(સી) **"નિર્મલ એપાર્ટમેન્ટ"** ના **યુનિટ** માલીકોના ૧ *(એક)* એસોસીએશન / કંપની / સોસાયટીની રચના કરવાની છે. જે ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ / ગુજરાત કો. ઓપ. સોસાયટીઝ એકટ / નોન ટ્રેડીગ એકટ હેઠળ રજીસ્ટર કરાવવાનું છે. જેના તમારે ફરજીયાત સભ્ય થવાનું છે અને એસોસીએશન રજીસ્ટર કરાવવા અંગેનો જે કાંઈ ખર્ચ થાય તેનો વરાડે પડતો ખર્ચ તમારે ચુકવવાનો છે. **"નિર્મલ એપાર્ટમેન્ટ"** પ્રોજેકટની સલામતી, રક્ષણ, મેઈન્ટેનન્સ તેમજ કોમન ફેસેલીટી ની જાળવણી તેમજ **યુનિટ** કબ્જેદારોના સુખાધિકારની સુરક્ષા માટે જરૂરી એવી બાબતો જેવી કે બિલ્ડીગની દેખરેખ રાખવા, બિલ્ડીગની કોમન જગ્યાઓની સાફસુફી વિગેરે બાબતો માટે સફાઈ કામદાર રાખવા, પાણી પુરવઠો જાળવવા, ઈલેકટ્રીક મોટર ચલાવવા, વિગેરે સહીયારી સુવિધાઓ બાબતની તમામ કાર્યવાહી ઓનર્સ એસોસીએશન સંભાળ શે અને આ અંગે કરવા પડતા તમામ ખર્ચ, ટેકસીસ, મેઈન્ટેનન્સ ખર્ચ, વોચમેન, સફાઈ કામદાર વિગેરેના પગાર, કોમન વપરાશ માટેનો ઈલેકટ્રીક ચાર્જીસ, લિફ્ટ મેઈનટેનન્સ, પાણી વિગેરેમાં થતો ખર્ચ તમારે વરાડે ભોગવવાનો છે.

(ડી) સદરહું એસોસીએશનમાં એક વ્યકિત મેનેજર / સેક્રેટરી તરીકે કામ કરશે. આ મેનેજર / સેક્રેટરી બિલ્ડીગ કે બિલ્ડીગને લગતી કોઈપણ બાબતમાં કે સહીયારી સુવિધાઓની બાબતમાં કે બીજા કોઈપણને થતી તકલીફ અંગે તમોને વખતો વખત જે કોઈપણ સુચના આપે તેનું તમારે પાલન કરવાનું રહેશે.

(ઈ) તમારી એકસકલુઝીવ પઝેસનની જગ્યા અંગે એટલે કે તમારા કબ્જા ભોગવટાના **યુનિટ** બાબત સરકારશ્રી તરફથી કે મ્યુ. કોર્પોરેશન તરફથી વખતો વખત જે કોઈપણ વેરાઓ આકારવામાં આવે તો તેવા વેરા ટેકસીસની રકમ આકારણીની તારીખથી એટલે કે શરૂઆતથી જ તમો ખરીદનારે ભરપાઈ કરવાની રહેશે. ઉપરોકત બિલ્ડીગના અનડીવાઈડેડ કોમન ફેસેલીટીસના

એટલે કે અવિભાજીત સહીયારી સુવિધાઓના સંદર્ભમાં આવા જે કોઈપણ ટેકસીસ અથવા તો ખર્ચ થાય તે માટે એસોસીએશનને ઉપરોકત ***કલોઝ–સી*** માં જણાવ્યા મુજબ તમારે વરાડે પડતા ભાગની રકમ ટેકસ કે ખર્ચ માટે ચુકવવી આપવાની છે.

(એફ) એસોસીએશનને ચુકવ્યા વિનાની તમારે ભાગે વરાડે પડતી બાકી રહેલ રકમ અનપેઈડ ડયુસ તમારી મિલ્કત પરનો ચાર્જ બોજો ગણાશે તેની વસુલાત માટે તમારી મિલ્કત સામે એસોસીએશનનો અગ્ર હકક છે.

(જી) તમારા **યુનિટ**ના એરીયાવાળા કબ્જાની અંદર તથા તેની દિવાલમાં બહારના ભાગે વખતો વખત જે કાંઈ રીપેરીંગ કરાવવાની જરૂર પડે તે તમારે તમારા પોતાના અંગત ખર્ચે કરાવવાનું રહેશે. અવિભાજીત સહીયારા ક્ષેત્રમાં કોમન એરીયામાં જે કોઈપણ રીપેરીંગ તથા રંગરોગાન કરાવવાનું જરૂરી બને તે બધા વતી એસોસીએશન કરાવશે અને તેવા ખર્ચમાં તમારે વરાડે પડતો હિસ્સો આપવાનો છે.

(એચ) તમોને વેંચાણ આપેલ **યુનિટ**નું જો ભવિષ્યમાં તમો વેંચાણ કરો તો તેનું વેંચાણ કરતા પહેલા એસોસીએશનની પુર્વ મંજુરી મેળવ્યા બાદ જ તમો વેંચાણ કરી શકશો તથા એસોસીએશનએ નિયત કરેલ ટ્રાન્સફર ફીની રકમ ભર્યા બાદ જ તમો વેચાણ કરી શકશો.

(આઈ) સદરહું **''નિર્મલ એપાર્ટમેન્ટ''**માં જાહેરાતો માટેના તમામ હકક વેંચનાર પાસે અબાધિત રહે છે તેવી સ્પષ્ટ સમજણ સાથે તમોએ આ **યુનિટ** ખરીદ કરેલ છે. જે તમોને કબુલ મંજુર બંધનકર્તા છે અને રહેશે.

(૧૩) આ વેંચાણ દસ્તાવેજને આનુસંગિક બાબતો અને શરતો નીચે મુજબ છે.

(એ) આ બિલ્ડીગના બાંધકામ સબંધે કે ટાઈટલના સંદર્ભમાં જોઈતી તમામ માહિતી અને દસ્તાવેજી પુરાવાઓ તમોને પુરા પાડવામાં આવેલ છે. જે તમોએ જોઈ તપાસી લીધેલ છે. તે અંગે તમોએ કસુર કરેલ છે, તેવો કોઈ વાંધો તકરાર તમો ઉઠાવી શકશો નહીં.

(બી) **''નિર્મલ એપાર્ટમેન્ટ''** માં આવેલ યુનિટ ઓનર્સના પાણી પુરવઠા અને સહીયારી જગ્યાની વિજળી પુરવઠો અને બીજી જરૂરી સેવાઓની વ્યવસ્થા કરવાની સંભાળ એસોસીએશન લેશે. તથા પાણી પુરવઠા માટે દરેક યુનિટ હોલ્ડર્સે પોતાના ખર્ચે પોતાના યુનિટની નળની લાઈન મેળવવાની રહેશે તથા તે નળ કનેકશન જનરલ ટાંકીમાં ઈનસ્ટોલ કરાવવાનું રહેશે.

(સી) **''નિર્મલ એપાર્ટમેન્ટ''**માં આવેલ **યુનિટ**ની માલીકી જે તે **યુનિટ** ખરીદનારની પોતાની રહેશે. એટલે કે તમોએ ખરીદ કરેલ **યુનિટ**નો માલીકી હકક તમારો રહેશે. પરંતુ સહિયારી સુવિધા ભોગવવા માટે **''નિર્મલ એપાર્ટમેન્ટ''** ઓનર્સ એસોસીયેશનના સભ્ય થવું ફરજીયાત છે અને

સદરહું એસોસીએશનના સભ્ય દરજજે સહિયારી સુવિધાઓના તમામ હકકો તમો ભોગવી શકશો અને તેની જવાબદારી તમારે અદા કરવાની છે. બિલ્ડીંગનું નામ **''નિર્મલ એપાર્ટમેન્ટ''** રાખેલ છે તેમાં તમારે કે એસોસીએશનએ કોઈ ફેરફાર કરવાનો નથી.

(ડી) આ સાથેના ***શેડયુલ–સી*** માં દર્શાવેલ સહિયારી સુવિધાઓ તમોને વેંચવામાં આવેલ **યુનિટ** સાથે સંલગ્ન હોય તેમજ તેને આનુસાંગીક હોય ઈનસેપરેબલ છે. તેથી આવી કોમન જગ્યાની માલીકી કે સહ કબજાના હકકો મુળ જગ્યા સાથે જ ટ્રાન્સફર થઈ શકશે.

(ઈ) તમો ખરીદનારે એરકંડીશનર કે અન્ય મશીનો કોઈને અડચણ કે નડતર રૂપ થાય તે રીતે રાખવાના નથી. તેમજ કોમન પેસેજમાં મુકવાના નથી તેમજ એરકંડીશનરની ગરમ હવા, કમ્પ્રેશર તથા પાણી પેસેજ, સીડી કે કોમન ચાલમાં ન ફેંકાય તે રીતે મુકવાના છે.

(એફ) સમગ્ર બિલ્ડીંગમાં ખુલ્લી જગ્યા, કોમન પેસેજ, લીફટ, સીડી, પાર્કીંગ વિગેરેનો ઉપયોગ હલનચલન તથા વાહન પાર્ક કરવા પુરતો જ કરવાનો રહેશે તેમજ આવી જગ્યામાં તમો ખરીદનારે કોઈ માલ સામાન રાખવાનો નથી તથા અન્ય કોઈ આડસ કે અડચણ ઉભી કરવાના નથી.

(જી) તમોને વેંચાણ આપેલ **યુનિટ**માં અમારા નામનું ઈલેકટ્રીક કનેકશન આવેલ છે જે તમારે આજથી દિવસ–૩૦ માં તમારે નામે ટ્રાન્સફર કરાવી લેવાનું છે તેવી સ્પષ્ટ સમજણ સાથે તમોએ આ **યુનિટ** વેંચાણ રાખેલ છે. તેમ કરવામાં કસુર કરશો તો અમો સદરહું ઈલેકટ્રીક કનેકશન પી.જી.વી.સી.એલ., રાજકોટ ને પરત સોંપી અમારે આજની તારીખથી ભરવા પડેલ ડયુઝ, લાઈટ બીલ તમારી પાસેથી તે અંગે કરેલ તમામ ખર્ચ સાથે વસુલ કરી શકીશું જેની તમો આથી વચન, વિશ્વાસ અને ખાત્રી આપો છો.

(એચ) ઉપરોકત બિલ્ડીંગ–પ્રોજેકટ અંગે વેંચનાર પેઢીએ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ અંતર્ગત સક્ષમ અધિકારી સમક્ષ રજીસ્ટર્ડ કરાવેલ છે.

સદરહું **યુનિટ** વાળા બિલ્ડીંગના સક્ષમ ઓથોરીટીએ મંજુર કરેલ બિલ્ડીંગ પ્લાન તથા પરવાનગી તમો ખરીદનારે જોઈ તપાસી લીધેલ છે જે હકીકતે તમો ખરીદનારને બિલ્ડીંગનાં બાંધકામ પ્લાનની મંજુરી, સ્ટ્રકચર ડીઝાઈન અંગે કોઈ વાંધો તકરાર નથી કે ભવિષ્યમાં લેવાનો નથી. સદરહું બિલ્ડીંગની ખુલ્લી જગ્યા તથા ઉપરની અગાસીના ઉપયોગ અને ઉપભોગના હકકો અને અધિકારો ઓનર્સ એસોસીએશન / સોસાયટી / કંપનીના એટલે કે સહીયારા રહેશે.

કમ્પલીશન સર્ટીફિકેટ મળ્યા બાદ ભવિષ્યમાં સક્ષમ ઓથોરીટી તરફથી મળવાપાત્ર વધારાની એફ.એસ.આઈ. ઓનર્સ એસોસીએશન / સોસાયટી / કંપનીની રહેશે.

જે તારીખે કબજો સોંપવામાં આવ્યો હોય તેના પાંચ વર્ષ દરમ્યાન મિલ્કતમાં કોઈ સ્ટ્રકચરલ ખામી, વર્કમેનશીપની ખામી, સેવાની ગુણવતા અને સેવાની જોગવાઈમાં કોઈ ખામી હોય તો જયારે શકય હોય ત્યારે આવી ખામીઓ વેંચનાર દ્વારા પોતાના ખર્ચે સુધારી આપવાની રહેશે. તેમજ જો અમો આવી ખામીઓનું નિવારણ કરવામાં નિષ્ફળ રહીએ તો તમો લખાવી લેનાર વેંચનાર પેઢી પાસેથી આવી ખામીઓનું વળતર કાયદામાં જણાવ્યા મુજબ મેળવવા હકકદાર રહેશે. તેમજ વેંચનાર પેઢી કોઈ સ્ટ્રકચરલ ખામી, વર્કમેનશીપની ખામી, ગુણવતા અને સેવાની જોગવાઈમાં કોઈ ખામી કે અમો વેંચનારને લાગુ પાડી શકાય તેવી ન હોય અગર અમો વેંચનારના કાબુ બહારના કોઈ સંજોગોને કારણે ઉદ્‌ભવેલ હોય તે બદલ અમો પેઢી જવાબદાર રહેશું નહિ.

આ બિલ્ડીંગનાં **યુનિટ**ના સહમાલીકનું એસોસીએશન ઓફ પર્સન / સોસાયટી / કંપનીની રચના કરેલ છે / કરવાની છે જેના સભ્ય તરીકે જોડાવવાનું આ વેંચાણ દસ્તાવેજની પુર્વ શરત તરીકે તમો ખરીદનારે કબુલ કર્યુ છે અને તેની રચના કરવાની, તેનુ બંધારણ ઘડવાની, હોદેદારની નિમણુંક કરવાની તથા ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટ–૧૯૭૩ તથા અન્ય આનુસંગીક કાયદાઓ તથા આવી બિલ્ડીંગને લાગુ થતાં અન્ય કાયદાઓ મુજબ જે કાંઈ વ્યવસ્થા કરવાની થાય તે તમામ સહ માલીકો ખરીદનારાઓની અંગત રીતે અને સહીયારી જવાબદારી રહેશે અને આ અંગેનું તમામ ખર્ચ, વકીલ ફી, સ્ટેમ્પ રજી. ફી વિગેરે ખર્ચ દરેક સહમાલીકોએ વરાડે થતું ભોગવવાનું છે અને તમો ખરીદનારની તે જવાબદારી ગણાશે અને તેવી રચના માટે જયાં જયાં સહીની જરૂર પડે ત્યાં ત્યાં અમો વેંચનારે સહીઓ કરી આપવાની છે અને તમો ખરીદનારે ગુજરાત ઓનરશીપ ફલેટસ એકટની જોગવાઈઓ હેઠળની શરતો તથા જવાબદારીઓનું પાલન કરવાનું રહેશે.

સદરહું બિલ્ડીંગમાં આવેલ મિલ્કત ઓનર્સના એસોસીએશન / સોસાયટી / કંપનીને તમામ સામુહીક ક્ષેત્રો અને સહીયારી સુવિધાઓ પુર્ણતા પ્રમાણપત્ર (કમ્પલીશન સર્ટીફીકેટ) કબ્જા પ્રમાણપત્ર (ઓકયુપન્સી સર્ટીફીકેટ) આવ્યાના માસ–૦૩ (ત્રણ) ની અંદર સોંપી આપવાના છે અને મિલ્કતના જરૂરી લેખ દસ્તાવેજો અને બાંધકામ પરવાનગી, બાંધકામ પ્લાન, સ્થાનિક સત્તાધિશોના પરવાના, વિગેરે ઓનર્સ એસોસીએશન / સોસાયટીને સોંપી તે સાથે સોંપી આપવાના છે. જે ઓનર્સ એસોસીએશન / સોસાયટી / કંપની પાસે રહેશે અને જરૂર પડયે તમો ખરીદનારને બતાવવાના રહેશે.

અમો વેંચનાર તથા તમો ખરીદનાર વચ્ચેની કોઈપણ તકરારનો સમાધાનથી નિકાલ કરવામાં આવશે. જો કોઈ કેસમાં તકરારનો અંત સમાધાનપુર્વક નહિ આવે તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવપલમેન્ટ) એકટ–૨૦૧૬ તથા અન્ય સંબંધીત અધિનિયમો તેના વખતો વખતના સુધારા, નિયમો હેઠળ સંબંધીત સત્તાધિકારીને સંબોધવામાં આવશે.

આ દસ્તાવેજ હેઠળના પક્ષકારોના હકક અને જવાબદારીઓ અંગે જે તે સમયે અમલમાં હોય તેવા ભારતના કાયદા હેઠળ અમલી બનશે અને રાજકોટની કોર્ટને આ દસ્તાવેજ હેઠળ હકુમત રહેશે.

રેરા નિયમ મુજબનાં વેંચાણ કરાર નં. .... તા. .... માં દર્શાવવામાં આવેલ તમામ હકકો, અધિકારો, જવાબદારીઓ, શરતો વિગેરે બન્ને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

(આઈ) આ દસ્તાવેજની કોઈપણ જોગવાઈ, રેરા અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિમયો હેઠળ અથવા લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ, તે આ દસ્તાવેજના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ દસ્તાવેજની બાકી જોગવાઈઓ આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૧૪) આ દસ્તાવેજ ***પેરેગ્રાફ–૧૨ માં અને ૧૩*** માં સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ કર્યા ન હોય તેવા કોઈપણ અધિકારો અને ફરજ એટલે કે રાઈટસ એન્ડ ઓબ્લીગેશનની બાબતમાં વખતો વખત સુધારા સાથેના *ધી ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩* ની જોગવાઈઓ લાગુ પડશે અને તે વખતે જે કાંઈ બાબતો કે પ્રશ્નો ઉભા થાય તો તેનું તે મુજબ નિરાકરણ અને અમલ કરવાનો રહેશે.

(૧૫) સદરહું **યુનિટ**વાળા પ્રોજેકટ **"નિર્મલ એપાર્ટમેન્ટ"**ની માલીકી અંગેના સઘળા ટાઈટલ ડીડસ કલીયર છે અને માલીકી હકક અગેના સઘળા ટાઈટલ ડીડસ *(લેખ દસ્તાવેજો)* ની ઝેરોક્ષ નકલ આજરોજ અમોએ તમોને સોંપી આપેલ છે. ટાઈટલ ડીડસ અંગેનો તમારે કોઈ વાંધો તકરાર રહેતો નથી.

(૧૫.૧) અમો મિલ્કત વેંચનાર મે. વિશાલ સ્થાપત્ય ભાગીદારી પેઢી જોગ શ્રીમતિ સવિતાબેન લાલજીભાઈ ભંડેરીએ કરી આપેલ રજી.વેં.દ.અનુ.નં. ૬૧૦૫, તા. ૨૨/૦૯/૨૦૧૭ – નકલ.

(૧૫.૨) શ્રીમતિ સવિતાબેન લાલજીભાઈ ભંડેરી જોગ શ્રી જમનાબેન પરસોતમભાઈ મોલીયાએ કરી આપેલ રજી.વે.દ.અનું.નં. ૧૪૬૦, તા. ૨૨/૦૩/૧૯૯૯ (નવો નં. ૩૧૫૬/૨૦૦૨)– નકલ.

(૧૫.૩) શ્રી જમનાબેન પરસોતમભાઈ મોલીયા જોગ શ્રી જયંતિલાલ ગોવિંદજીભાઈ વિગેરેએ કરી આપેલ રજી. વેંચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૯૩૩, તા. ૧૩/૧૦/૧૯૬૫ – નકલ.

(૧૫.૪) વહેંચણી દસ્તાવેજ અનુ. નં. ૭૭૦, તા. ૦૫/૦૩/૧૯૬૫ જેના ૧ નંબરની બુકના નં. ૧૬૧૩, વો. ૪૩૦, તા. ૩૦/૦૭/૧૯૬૫ ના રોજ શ્રી જયંતિલાલ ગોવિંદજીભાઈ તથા પટેલ દામજી ઉકાભાઈ વચ્ચે થયેલ વહેંચણી દસ્તાવેજની – નકલ.

(૧૫.૫) બિનખેતી હુકમ નં. રેવ. બિનખેતી.વશી.૨૧૦, તા. ૦૫/૦૫/૧૯૬૪ ના હુકમ તથા લે–આઉટ પ્લાનની સર્ટીફાઈડ ખરી નકલ.

(૧૫.૬) ટી.પી. સ્કેચ, પાર્ટ પ્લાન તથા ફોર્મ – એફની સર્ટીફાઈડ ખરી નકલ.

(૧૫.૭) ગામ નમુના નં. ૭/૧૨, ૮–અ તથા હકકપત્રક નં. ૬ તથા અમો વેંચનારના નામના ગામ નમુના નં. ૦૨ ની નકલ.

(૧૫.૮) બાંધકામ પરવાનગી નં. ૫૧૦, તા. ૨૯/૧૦/૨૦૧૮.

(૧૫.૯) આરંભનું પ્રમાણપત્ર તથા એપ્રુવ્ડ બિલ્ડીગ પ્લાન.

(૧૫.૧૦) મે. વિશાલ સ્થાપત્ય ભાગીદારી પેઢીનું તા. ૨૯/૦૮/૨૦૧૭ નું મુળ ભાગીદારી ડીડ તથા ત્યારબાદ તા. ૨૪/૧૧/૨૦૧૮ ના કરાયેલ ભાગીદારી બંધારણ ફેરફાર દસ્તાવેજોની નકલ.

(૧૬) તમોને વેંચાણ આપવામાં આવેલ **યુનિટ**નો વેંચાણ દસ્તાવેજ તમારા ખર્ચે અમારે રજીસ્ટર કરાવી આપવાનો છે. સદરહું **યુનિટ**ના આ વેંચાણ દસ્તાવેજ સબંધે ભવિષ્યમાં જે કાંઈ વધારાની સ્ટેમ્પ ડયુટીની કે દંડની રકમ ભરવાની જવાબદારી આવે તે તમો **યુનિટ** ખરીદનારના શીરે છે એવી સ્પષ્ટ સમજુતી સાથે તમારા જોગનો આ વેંચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

(૧૭) કોઈપણ કુદરતી આફતને કારણે સદરહું **"નિર્મલ એપાર્ટમેન્ટ"** પ્રોજેકટના બિલ્ડીગને નુકશાન થાય કે વિનાશ થાય તો તે અંગેની અમારી કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી કે તમો ખરીદનાર આ બાબતે અમારી સામે કોઈપણ કાર્યવાહી કરી શકશો નહીં.

–// શેડયુઅલ – એ //–

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના **રૈયા** ગામના **રેવેન્યુ સર્વે નં. ૯૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૦૧, ઓ.પી.નં. ૩૭ પૈકી, એફ.પી. નં. ૭૪૮ પૈકી**ની સોમનાથ સોસાયટી વિભાગ – ૨ તરીકે ઓળખાતા વિસ્તારમાં શેરી નં. ૬ માંહે, રહેણાંક હેતુ માટેની બિનખેડવાણ જમીનના પ્લોટ નં. ૮ પૈકી પ્લોટ નં. ૮–બી ની જમીન **ચો.વાર ૨૯૭–૫–૦, ચો.મી.આ. ૨૪૮–૦૫** કે જેની ચર્તુઃદીશા નીચે મુજબ છે.

ઉત્તર	:–	પ્લોટ નં. ૮–એ ની જમીન આવેલ છે. તે તરફ મા.ફુ. ૬૦–૦૦ છે.
દક્ષિણ	:–	૨૫ ફુટનો રસ્તો આવેલ છે. તે તરફે જમીનનું મા.ફુ. ૫'૦–૦+૧૦–૦ ગોળાઈના છે.
પૂર્વ	:–	૩૦ ફુટનો રસ્તો આવેલ છે. તે તરફે જમીનનું માપ ફુટ ૩૫'–૦+૧૦' ગોળાઈના છે.
પશ્ચિમ	:–	પ્લોટ નં. ૪–બી આવેલ છે. તે તરફે જમીનનું માપ ફુટ ૪૫'–૦ છે.

–// શેડયુઅલ – બી //–

સરદહું ઈમારત **"નિર્મલ એપાર્ટમેન્ટ"** માંહે **...... ફલોર** ઉપર આવેલ **ફલેટ નં......** જેનો રેરા કાયદા મુજબનો કાર્પેટ એરીયા **ચો.મી.આ. ....–....** તથા તેને સંલગ્ન વોશ – ૧ જેનો કાર્પેટ એરીયા **ચો.મી.આ. ....–.....** છે તથા સંલગ્ન ટેરેસ જેનો કાર્પેટ એરીયા ચો.મી.આ. .... છે (જે લાગુ પડતુ હોય તે) તે મળી **યુનિટ**નો કુલ કાર્પેટ એરીયા **ચો.મી.આ. .....–.......** તથા બિલ્ટઅપ એરીયા **ચો.મી.આ. .....–.......** છે ની ચર્તુઃદિશા નીચે મુજબ છે.

ઉત્તરે	:–	આવેલ છે.
દક્ષિણે	:–	આવેલ છે.
પૂર્વે	:–	આવેલ છે.
પશ્ચિમે	:–	આવેલ છે.

તમોને વેંચાણ અપાયેલ **યુનિટ** માંહે ....ની સુવિધા આવેલ છે.

–// <u>શેડયુઅલ – સી</u> //–

સદરહું જમીન **ચો.મી.આ. ૨૪૮–૦૫** ઉપર અમો મિલ્કત વેંચનારએ **"નિર્મલ એપાર્ટમેન્ટ"** ના નામ વાળી ઈમારતનું બાંધકામ કરેલ છે.

"નિર્મલ એપાર્ટમેન્ટ" માં ગ્રાઉન્ડ ફલોરમાં કવર્ડ પાર્કિંગ, સીડી, લિફટ તથા પેસેજનું બાંધકામ છે. પહેલા માળથી પાંચ માળ સુધી દરેક માળે લિવીંગ, કિચન, બેડરૂમ, સ્ટડીરૂમ, ટોઈલેટ અને વોશ તેવા ૨ યુનિટ ઉપરાંત, લિવીંગ, કિચન, સ્ટડીરૂમ, ટોઈલેટ તથા વોશ તેવું ૧ યુનિટ ઉપરાંત લીવિંગ કિચન / ડાઈનીંગ, સ્ટડીરૂમ, ટોઈલેટ તથા વોશ તેવું ૧ યુનિટ મળી દરેક માળે ૪ યુનિટ એમ કુલ ૨૦ યુનિટ તે ઉપરાંત દરેક માળે સીડી, ૧ લિફટ તથા પેસેજનું બાંધકામ છે.

સમગ્ર બિલ્ડીગની કોમન યુટીલીટીઝમાં ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ કવર્ડ તથા ઓપન પાર્કિંગ, લીફટ, પ્લમ્બીંગ લાઈન, ઈલેકટ્રીક વાયરીંગ, ગ્રાઉન્ડ ફલોરથી ટેરેસ સુધીની સીડી તથા તમામ વોટર ટેંકસનો સમાવેશ થાય છે.

ઉપર મુજબની સહિયારી સુવિધાઓ અવિભાજીત છે. **"નિર્મલ એપાર્ટમેન્ટ"** માં માલીકી ધોરણે **યુનિટ** ખરીદ કરનારને આ સુવિધાઓ બિલ્ડીગ ઓનર્સ એસોસીએશન / સોસાયટી / કંપનીના સભ્ય દરજ્જે પ્રાપ્ત થશે, **યુનિટ** ઓનર્સે કે હોલ્ડરે સહિયારી સુવિધાઓના સહકારથી સહીયારી સુવિધાનો ઉપયોગ કરવાનો છે.

આ દસ્તાવેજ અમોએ અમારી રાજી ખુશીથી તથા અકકલ હોશીયારીથી જીવ કાયમ રાખી ઉપર પ્રમાણેનો ચુકતે અવેજ તમારા પાસેથી લઈ બીનકેફે સાવધ અવસ્થામાં વાંચી, વિચારી, સમજીને લખી આપેલ છે તે અમોને તથા વંશ, વારસો, વાલી સહિત બધાને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

જેની ખાત્રી બદલ આ નીચે સહી કરી શાખ કરાવી આપેલ છે.

સ્થળ : રાજકોટ.
તા. / /૨૦૧૯

અત્ર.................................. મતુ

અત્ર ....શાખ

....
મે. વિશાલ સ્થાપત્યના નામથી
નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદારો
(૧) શ્રી પ્રમેય વેણીદાસ સોનેચા,
(૨) શ્રી સોહન ગોવિંદભાઈ મોરઝરીયા,
(૩) શ્રી સાવન કિશોરભાઈ કાનાણી,
નં. ૦૧ જાતે તથા પેઢીના વહીવટકર્તા દરજજે

(૧) ....

(૨)...

લખી આપનાર (મિલ્કત વેંચનાર) ::–

નામ તથા સહી	ફોટો	અંગુઠાનું નિશાન
  શ્રી પ્રમેય વેણીદાસ સોનેચા તે મે. વિશાલ સ્થાપત્યના નામથી નોંધાયેલી ભાગીદારી પેઢીના ભાગીદાર તથા વહીવટકર્તા દરજજે		

લખાવી લેનાર (મિલ્કત ખરીદનાર) ::–

નામ તથા સહી	ફોટો	અંગુઠાનું નિશાન
  શ્રી		

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના **રૈયા** ગામના **રેવેન્યુ સર્વે નં. ૯૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૦૧, ઓ.પી.નં. ૩૭ પૈકી, એફ.પી. નં. ૭૪૮ પૈકી**ની સોમનાથ સોસાયટી – ૨ નંબર તરીકે ઓળખાતા વિસ્તારમાં શેરી નં. ૬ માંહે, રહેણાંક હેતુ માટેની બિનખેડવાણ જમીનના પ્લોટ નં. ૮ પૈકી પ્લોટ નં. ૮–બી ની જમીન **ચો.વાર ૨૯૭–૫–૦**, **ચો.મી.આ. ૨૪૮–૦૫** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતની ઈમારત કે જે **"નિર્મલ કોમ્પલેક્ષ"** તરીકે ઓળખાય છે તે ઈમારતના તેનો ફોટોગ્રાફ.

....

(વેચનાર) (ખરીદનાર)

ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના **રૈયા** ગામના **રેવેન્યુ સર્વે નં. ૯૭ પૈકી, ટી.પી. સ્કીમ નં. ૦૧, ઓ.પી.નં. ૩૭ પૈકી, એફ.પી. નં. ૭૪૮ પૈકી**ની સોમનાથ સોસાયટી – ૨ નંબર તરીકે ઓળખાતા વિસ્તારમાં શેરી નં. ૬ માંહે, રહેણાંક હેતુ માટેની બિનખેડવાણ જમીનના પ્લોટ નં. ૮ પૈકી પ્લોટ નં. ૮–બી ની જમીન **ચો.વાર ૨૯૭–૫–૦**, **ચો.મી.આ. ૨૪૮–૦૫** ઉપર આવેલ ઉભા ઈમલા સહીતની ઈમારત કે જે **"નિર્મલ કોમ્પલેક્ષ"** તરીકે ઓળખાય છે તે ઈમારતના તેનો ફોટોગ્રાફ.

....

(વેચનાર) (ખરીદનાર)